SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 61. ઉત્તર ગુજરાતની ભવાઈકલા

*ઠાકોર પિન્કીબેન વેણાજી*

**પ્રસ્તાવિક :-**

ગુજરાતની ધરતીને કુદરતે છૂટે હાથે પ્રાકૃતિક સૌંદર્ય બક્ષ્યું છે. સૌરાષ્ટ્રની ધરતીને અડીને આવેલો ૧૬૦૦ કિ.મીનો લાંબો સાગરકિનારો, ડુંગરાની ગાલિયું, જંગલ ને ઝાડિયું વચ્ચે હજારો વર્ષથી સાગરસંસ્કૃતિ, કૃષિસંસ્કૃતિ, ગોપસંસ્કૃતિ, લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યની સંસ્કૃતિનું સર્જન થયું છે. જગતભરમાં જેનો જોટો જડે નહી એવા ગુજરાતીઓની ભાતીગળ લોકસંસ્કૃતિ છે. એનો અભ્યાસ કરવા અનેક વિદેશી પર્યટકો અહીં ઊતરી આવે છે. તેઓ ગુજરાતની ધરાને ગીત, સંગીતના સૂર અને નૃત્યથી ગુંજતી જોઈને આનંદવિભોર બની જાય છે.

ગુજરાતીઓ દેશ-પરદેશમાં જેને માટે ગૌરવ લે છે એ લોકસંસ્કૃતિના સર્જનફલકમાં લોકઉત્સવો, મેળાઓ, કમાંગરી શૈલીના ભીંતચિત્રો, ગુર્જર સુથારોનું કાષ્ઠકંડારણ, હીરભરત, મોતીભરત, પૌથીચિત્રો, ચંદરવાનું છાપકામ, કટાબકામ, મોતીપરોવણું, લીપણનકશી, આળેખચિત્રો, રંગોળી, ઘાટસુપાટનાં ઘરેણાંની સાથે લોકજીવનને મનોરંજન પુરું પાડી લોકહૈયામાં આનંદનો અબીલગુલાલ ઉડાડનારાં લોકનૃત્યો, ભવાઈ, ભાવનપૂતળીનો ખેલ, વાદી, મદારી, ચૂંદડિયા મહારાજ, નટ, બજાણિયા, નાથબાવા, માંકડા અને રીંછડાં રમાડનારા, તુરી બારોટ અને ભાડની સાથેસાથે લોકજીવનને સંસ્કારનારા ભવૈયાનાં પૈડા, રામલીલા, ઢાઢીલીલા, જોગીલીલા, લોકકથાકારો; લોકસંગીત સંતવાણી અને ગાગરિયા માણભટ્ટોની ગૌરવપૂર્ણ પરંપરાગત ધરોહર આપણે ત્યાં હતી. આજે આ લોકવિરાસત ધીરે ધીરે લૂપ્ત થઈ રહી છે ત્યારે ગૌરવપૂર્ણ વારસા તરફ દ્રષ્ટિ કરવી પડે તેમ છે.ગુજરાતની ધરતીને કુદરતે છૂટે હાથે નહી પણ ખુલ્લા હાથે સૌંદર્ય બક્ષ્યું છે. પૂર્વમાં સહ્યાદ્રિ અને સાતપુડાના પર્વતોની હારમાળા, પશ્ચિમમાં કચ્છનું રણ, ઉત્તરે ગિરિરાજ આબુની ડુંગરમાળા અને દક્ષિણે દમણગંગાનું નૈસર્ગિક સૌંદર્ય ધરાવતા ગુજરાતના ગૌરવવંતા લોકજીવનના વિસ્તાર પટ પર દ્રષ્ટિ કરતા સમૃદ્ધ એવો કળા, સંસ્કાર અને સંસ્કૃતિનો મૂલ્યવાન વારસો ધબકતો નજર આગળ દ્રશ્યમાન થાય છે

**➡ ભવાઈ કલાની ઉત્પત્તિ:-**

ભવાઈ શબ્દનો વિગ્રહ કરતા ભવ+આઈ મળે છે, જેમાં ' ભવ' એટલે વિશ્વ જગત અને આઇ એટલે અહીંયા જગતની માતા જગદંબાને માનવામાં આવે છે. માં જગદંબા એટલે અંબાની ભક્તિભાવને કેન્દ્રમાં રાખી નાટક રૂપે ભજવવામાં આવે છે. આજે અંબાજી ખાતે દર વર્ષે નવરાત્રિ પર્વ નિમિત્તે ભવાઈ ભજવીને માં ની પૂજા અર્ચના કરવામાં આવે છે. ભવાઈની વાત હોય ત્યા અસાઈત ઠાકર ને કેમ ભૂલી જઈએ ?

કવિ અસાઈત ઠાકરનું નામ ગુજરાતી સાહિત્યને ગુજરાતી સંસ્કૃતિના ઇતિહાસમાં નરસિંહ મહેતા સાથે આવેલું છે. નરસિંહ મહેતાનો સમયગાળો આશરે ૧૪૮૪થી ૧૫૩૯નો મનાય છે જ્યારે કવિ અસાઈત ઈ. સ. ૧૩૬૦માં હયાત હતા તેવું માનવામાં આવે છે.૧૩૬૦ના વર્ષમાં તેમણે ' હંસાઉલી' ની રચના કરેલી છે. નરસિંહ પહેલા જૂના જૈનેતર કવિઓમાં અસાઈત ઠાકરને સર્વ પ્રથમ મૂકી શકાય. અસાઈત ઠાકર નો સમયગાળો આશરે ઈ. સ. ૧૩૨૦થી ૧૩૯૦ નો માનવામાં આવે છે તે સમયે ઈ. સ.૧૩૨૦માં ખીલજીઓનો સમય પૂરો થયો અને તુખલકોનો શરૂ થયો. ઈ. સ.૧૩૦૦માં અલ્લાઉદ્દીનનો સાળો અલફખાન ગુજરાતનો પહેલો સૂબો બન્યો અને ત્યારથી ગુજરાતમાં અસાઈતના ભવાઈ વેશો પણ મહત્વનું સ્થાન ધરાવે છે.

**➡ અસાઈત ઠાકરે નિભાવેલો બ્રાહ્મણધર્મ**

સિદ્ધપુર (પાટણ)માં જન્મેલા અને ભવાઈ સાહિત્ય સ્વરૂપના જનક(પિતા) એવા અસાઈત ઠાકર ઊંઝાના હેમાળા પટેલના કુટુંબના ગુરુ હોય છે. હેમાળા પટેલની સ્વરૂપવાન દીકરી ગંગાને એક મુસ્લિમ સૂબો ઉપાડી જાય છે ત્યારે પોતાના પર આવી પડેલા સંકટમાંથી ઉગારી લેવા અને પોતાની દીકરીને બચાવી લેવા હેમાળા પટેલ અસાઈત ઠાકરને વિનંતી કરે છે. અસાઈત ઠાકર પોતાનો ગુરુધર્મ નિભાવતા મુસ્લિમ સૂબાના દરબારમાં જાય છે અને ગંગા પોતાની દીકરી છે તેમ કહીને તેને છોડી દેવા વિનંતી કરે છે. ગંગા પોતાની દીકરી છે એવું સાબિત

કરવા માટે મુસ્લિમ સૂબાની શરત પ્રમાણે ગંગા સાથે બેસીને એક જ થાળીમાં ભોજન ગ્રહણ કરે છે. આ ઘટનાથી સિદ્ધપુરના બ્રાહ્મણો ગુસ્સામાં આવીને અસાઇત અને તેના પુત્રોને જ્ઞાતિ બહાર મૂકે છે. અસાઈત પણ સિદ્ધપુર છોડીને ઊંઝામાં નિવાસ કરે છે. હેમાળા પટેલ પોતાનો યજમાનધર્મ નિભાવતા ગુરુ અસાઇતને કેટલીક જમીન કાઢી આપે છે. આ જમીનનો ભોગવટો કરતાં જઈને અસાઈત ઠાકરે ૩૬૦ જેટલા ભવાઇના વેશ લખ્યા હશે તેવું અનુમાન કરવામાં આવે છે. આમ જ્ઞાતિ બહાર મુકાવાના મોટા જોખમને વહોરીને પણ અસાઇત પોતાનો ગુરુ અને બ્રાહ્મણધર્મ નિભાવે છે. ગુજરાતી સાહિત્યમાં આ ઘટના નોંધનીય છે. અસાઈત સિદ્ધપુરથી સ્થળાંતર કરીને પોતાના ત્રણ પુત્રો નારણ, માંડણ અને જયરાજ સાથે ઉંઝા શહેરમાં આવીને વસ્યા હતા. ત્રણ પુત્રોના ઘર ઉપરથી તેઓ 'ત્રિઘરા' કહેવાયા એનો અપભ્રંશ થતા તેઓ 'ત્રગાળા' કે 'તરગાળા' રૂપે ઓળખાયા.અસાઈતના વંશજો તરગાળા બ્રાહ્મણ તરીકે ઓળખાય છે.

**➡ સંપાદક દિનકર ભોજક ભવાઈ સંગ્રહમાં ગ્રંથસ્થ થયેલા વેશોનું આ પ્રમાણે વિભાગીકરણ કર્યું છે.**

(1) મુખ્યત્વે જેમાં મુસ્લિમ પાત્રો હોય એવા હિંદુજાતિના મિશ્રણવાળા વેશોઃ-

(1) જૂઠણનો વેશ, (2) ઝંડાઝુલણ-અડવો વાણિયો, (3) છેલ બટાઉ લાલા બટાઉ, (4) મિયાંબીબી, (5) લાલજી મણિયાર

(2) વિવિધ હિંદુજાતિનું પ્રતિનિધિત્વ કરતા વેશો :

(1) કંસારો, (2) બાવો, (3) પાંચ ચોર, (4) કાબો

(3)જેમાં રાજપૂત રાજકુમાર મુખ્ય પાત્ર હોય એવા વેશો :

(1) શૂરો શામળો, (2) રામદેવ, (3) વિકો સિસોદિયો

(4) સઘરા જેસંગ

(5) રાજા દેઘમ

(4) પૌરાણિક અને પ્રકીર્ણ વેશો

(1)ગણપતિ, (2) બેચરાજી, (3) જોગણી, (4) કાળકા

અસાઈતે 360 વેશ રચ્યાનું કહેવાય છે પણ બધા વેશ એમના નથી, એમની પહેલાં પણ કોઈ વેશો લખાયા છે. 'અસાઈત મુખ ઓચરે રે રામદેવ રમતો હુઓ' એમ 'રામદેવ'ના વેશમાં આવે છે એટલે વેશના રચનાર અસાઈત છે એ ખરું પણ એમાં નવ નિધિ અને ચૌદ વિદ્યા વગેરે અંગેના વર્ણનો આવે છે એ ઉલ્લેખ કવિ ગદના નામે થયેલ હોઈ તેમાં ગદનું કર્તૃત્વ દેખાય છે. ગોપાળ નાયકે દલિતનો વેશ લખ્યાનું કહેવાય છે તો માંડણ નાયકે ઝંડા- ઝુલણનો વેશ લખ્યાનો ઉલ્લેખ છે.અત્યારે ૩૬૦માંથી ૬૦ જેટલા વેશ જ આખા મળે છે. ગુજરાતમાં સંસ્કૃતિ અને પરંપરાગત રૂઢિઓ સર્વત્ર જીવંત જોવા મળે છે. વિતેલા સમયનો જાજરમાન વૈભવી વારસો તેની સભ્યતા, જીવનશૈલી અને સંસ્કારિકતાને ઉજાગર કરે છે.

રંગભૂમિની સૌથી જૂની પરંપરાગત લોકનાટ્યનું સ્વરૂપ 'ભવાઈ' ભાવપૂર્ણ અભિવ્યક્તિ દ્વારા પરંપરાગત લોક કથાનો પ્રચાર અને પ્રસારના નાટ્ય સ્વરૂપ ગુજરાતમાં ખૂબ પ્રચલિત છે. મા અંબાની ભક્તિને કેન્દ્રમાં રાખી રજૂ થતો લોકનાટ્યનો પ્રકાર 'ભવાઈ' માં દરેક પાત્રો પુરુષો જ હોય છે. પરંપરાગત પોશાકો, ભાતીગળ ભાષાશૈલી અને સ્થાનિક કથા વસ્તુને આવરી લેતા 'ભવાઇ' માં વાજીંત્રો અને વાદ્યોમાં ખાસ પુંગલ, ઢોલક, મંજીરા અને સારંગી મુખ્ય છે. 'ભવાઇ' સામાન્ય રીતે ખુલ્લા મેદાનમાં ભજવવામાં આવે છે. ભવાઇમાં સ્ત્રીપાત્રોની ભજવણી માત્ર પુરુષો દ્વારા જ કરવામાં આવે છે. પુરુષો સ્ત્રીઓનો પોશાક પહેરે છે.ભવાઈ ગામના પાદરે અથવા તો ચોકમાં ભજવાય છે એ પણ સાંજના સમયે જેથી મહત્તમ લોકોને મનોરંજનરૂપી લાભ મળી શકે. નાટયના અન્ય સ્વરૂપોમાં 'રામલીલા' છે. ઉત્તરગુજરાતમાં ખૂબ જ પ્રચલિત આ લોકનાટયનું સ્વરૂપ પરંપરાગત મનોરંજન, શિક્ષણ અને ધાર્મિક આસ્થાનું સ્વરૂપ રહ્યું. રામાયણ અને મહાભારતના પ્રચલિત પ્રસંગોને આવરી લેતું કથાવસ્તુને ધ્યાનમાં રાખી તેને રામલીલા' માં રજૂ કરવામાં આવે છે. ભવ્ય મંડળ, પરંપરાગત દિવ્ય આભૂષણો-પોશાક અને પ્રસંગ અનુરૂપ શસ્ત્રો દ્વારા પ્રસંગોને આબેહૂબ રજૂ કરવામાં કલાકારો નિપૂણ હોય છે. સામાન્ય રીતે સમી-સાંજથી શરૂ થતો આ નાટ્ય પ્રયોગ 'રામલીલા' મોડી રાત સુધી ચાલતો હોય છે. ધાર્મિક મહત્વ ધરાવતા આ લોકનાટયના પ્રયોગો ગ્રામીણ વિસ્તારોમાં ઘણા પ્રચલિત છે. સમયાંતરે લોક નાટ્યના સ્વરૂપોમાં બદલાવ આવ્યો મનોરંજન ક્ષેત્રે સમય બદલાતા મનોરંજનના પ્રયોગોમાં પણ ફેરફાર આવ્યો. છતાં ગામડાઓમાં 'ભવાઇ' નાટ્ય સ્વરૂપ જીવતું જોવા મળે છે.

'ભવાઈ' દ્વારા સામાજીક સંદેશાનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. અન્યાય, સ્ત્રીનો દરજ્જો, સામાજીક અસમાનતા અને જાતિવાદ જેવા પ્રશ્નોની રજૂઆત 'ભવાઈ' દ્વારા રજૂ કરાય છે અને તેની અસર પણ લોકમાનસ પર ત્વરિત પડે છે. ભવાઈ દ્વારા શિક્ષણ પણ અપાય

છે. જાગૃતિ અને સામાજીક શિક્ષણનો વ્યાપ ભવાઈ દ્વારા સમાજ જીવનમાં ફેલાવવામાં આવે છે. ભવાઈ મંડળમાંના સભ્ય-કલાકારોના પ્રમુખને 'નાયક' તરીકે ઓળખવામાં આવે છે. તેમાં નાટય અનુરૂપ સંવાદો, સંગીત અને દેખાવ માટે માર્ગદર્શન આપે છે. 'ભવાઈ' ના સંવાદોનું સંપાદન કરાતુ નથી. કલાકારો પ્રસંગ અનુરૂપ સ્વયં સંવાદો બોલે છે. સંવાદની સાથે તેઓ નૃત્યમય શૈલીમાં અભિનય કરે છે. 'ભવાઇ' માં મુખ્ય પાત્રને 'રંગલો' કહેવામાં આવે છે.ગુજરાતની પરંપરાગત નાટ્ય સંસ્કૃતિમાં 'ભવાઈ' નાટ્ય સ્વરૂપ ગુજરાતના સંગીત અને નાટ્ય પરંપરાને જીવંત રાખે છે.દરેક ક્ષેત્રોમાં બહુવિધ કલા-સંસ્કૃતી ધરાવતા ગુજરાતમાં સિદ્દી નૃત્ય, પઢાર નૃત્ય ડાંગી નૃત્ય અને અન્ય સ્થાનિક ગ્રામીણ નૃત્યોના ઉત્સવોની ઉજવણી કરાય છે. ગુજરાત ગુજરતી ફિલ્મો અને નાટકો માટે જાણીતું છે. ગુજરાતીઓ દરેક ક્ષેત્રમાં વિશ્વભરમાં નામના મેળવી રહ્યાં છે. ગુજરાતી કલાકારો દિવસે ને દિવસે નવી ઉંચાઈ પ્રાપ્ત કરી રહ્યાં છે. ગુજરાત રાજ્ય સંગીત અને નાટક એકેડેમી ગુજરાતી કલાકારોને પ્રોત્સાહિત કરીને તેમને આગળ લાવવાનો પ્રયાસ કરી રહી છે. સંસ્કૃત નાટકો પ્રાચીન ભારતમાં ખૂબ જ પ્રખ્યાત હતા. ગુજરાત પણ ફરીથી નવા સમયમાં સંસ્કૃત નાટકો ભજવા જઇ રહ્યું છે.

➡ ભૂંગળના સ્વરોની મદદથી ભવાઈના પાત્રો હાથમાં સળગતા કાકડા રાખીને ચોકમાં પ્રવેશ કરે છે. ભવાઈના પાત્રોના ચોકમાં થતા આગમનને "આવણું" કહેવાય છે.

➡ ભવાઈનો અર્થ થાય છે. "જિંદગીની કથા". ભવાઈ એ પાત્રો દ્વારા ભજવી શકાતો સાહિત્ય પ્રકાર છે. ભવાઈના મોવડીને નાયક તરીકે ઓળખવામાં આવે છે.

➡ જેમાં કોઈપણ પ્રચલિત પ્રસંગને ધ્યાનમાં રાખીને શ્રોતાગણ સમક્ષ વાદ્યો સાથે રજૂ કરવામાં આવે છે.

➡ ભવાઈની રચના મૂળ ઊંઝાનાં વતની હેમાળા પટેલના આશ્રિત "તરગાળા બ્રાહ્મણ" અસાઈત ઠાકરે કરેલ છે. જેમણે ૩૬૦ જેટલા ભવાઇના વેશ આપ્યા હશે તેવું અનુમાન કરવામાં આવે છે, જેમાં "રામદેવપીરની વેશ" સૌથી જૂનો છે.

➡ ભવાઈનો વેશ શીખવનાર "વેશગોર" તરીકે ઓળખાય છે.

➡ ભવાઈમાં સ્ત્રી પાત્ર જે પુરુષ દ્વારા ભજવવામાં આવે છે તેને "કાંચળિયો" કહેવામાં આવે છે.

➡ ભવાઈમાં પુરુષ પાત્ર ભજવનાર ને "મૂછબંધ" કહેવામાં આવે છે.

➡ ભવાઈમાં રહેલા રમૂજી પાત્રને 'સુખાજી' કે 'મશકરો' કે 'રંગલો' તરીકે ઓળખવામાં આવે છે.

➡ ભવાઈમાં વાજિંત્રોની વાત કરીએ તો ભૂંગળ, તબલા, ઝાંઝ, ઢોલક, મંજીરા અને સારંગીનો ઉપયોગ થાય છે. ભવાઈની રજૂઆત "ભૂંગળ" સાથે શરૂ થાય છે.

➡ ગુજરાતી સાહિત્યમાં ભવાઈ આધારિત સર્વ પ્રથમ દલપતરામની કૃતિ 'ભૂંગળ વિનાની ભવાઈ' છે. તદ્ઉપરાંત ચંદ્રવદન ચીમનલાલ મહેતા કૃત હોહોલિકા નાટકમાં દ્રષ્ટિ કરતા ભવાઈના બીજ જોવા મળે છે. ભવાઈ એ નાટયરૂપે ભજવાતો અને જુદી જુદી રીતે લખાતો સાહિત્ય પ્રકાર છે.ચંદ્રવદન ચીમનલાલ મહેતાએ પ્રયોગશીલ અને ખૂબ જ ચપળ વ્યક્તિ છે જેમણે પ્રયોગશીલતા પડદે દેશ પરદેશની રંગભૂમિ અને વિવિધ પરંપરાનાં નાટકો અને ભવાઈ વિશેનો વિસ્તૃત ખ્યાલ આપણી સમક્ષ રજૂ કર્યો છે.

ઉપરોક્ત બાબતના અનુસંધાને ચોક્કસ કહી શકાય કે પ્રયોગશીલ મનોવૃત્તિ કે મનોવલણ ને કારણે જ આ સ્વરૂપમાં રહેલી અનેક શક્યતાઓ આપો આપ ખૂલી જાય છે. ભવાઈ નાટકોમાં રંગલો એની સંવાદાત્મક રીતે ગ્રીક કોરસ કે સંસ્કૃત નાટકોનું સૂત્રધાર પ્રયોજાય છે તે કેવળ પરંપરા તરીકે નહીં પરંતુ તે હાલની ટેકનીકમાં રહેલી વિશિષ્ટ નાટ્ય ક્ષમતા ને ઓળખીને તેને નવી રીતે પ્રયોજીને નવા પરિમાણો અને પરિણામો સર્જે છે ભવાઈ આધારિત સર્વપ્રથમ ફિલ્મ 'બહુરૂપી' હતી. ભવાઈનું પિયર "ઉત્તર ગુજરાત" ગણાય છે.

**પાદ ટીપ :-**

1.ગુજરાતનો લોકકલા વૈભવ પૃ.૧

2.ગુજરાતી ભાષા સાહિત્ય પૃ.૨૭

૩.સાહિત્ય સંગમ પૃ.૭

**સંદર્ભ સૂચિ :-**

1. ગુજરાતનો લોકકલા વૈભવ જોરાવરસિંહ જાદવ(માહિતી નિયામક ગુજરાત રાજ્ય ગાંધીનગર ૨૦૧૯/૨૦ આવૃત્તિ)

2. ગુજરાતી ભાષા સાહિત્ય ડૉ.ડી.એમ. ભદ્રેસરિયા (ડિવાઇન પબ્લિકેશન પ્રથમ આવૃત્તિ ૨૦૨૨)

3. સાહિત્ય સંગમ બિપિન પી.ત્રિવેદી ( ત્રિવેદી પબ્લિકેશન તૃતીય આવૃત્તિ ૨૦૨૨)